**<u>અમદાવાદ(ગ્રામ્ય) ના મે. ૧૧માં એડી. સીની સીવીલ જજ અને ચીફ જ્યુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુ. નવરંગપુરા, અમદાવાદ.</u>**

**E-Challan No. GJ**4173903240917123091

**ફોજદારી કે સ નં . – 610/2026**

**ફરિયાદીઃ શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપીઃ દેસાઈ કનુભાઈ લીલાભાઈ**

**ગુન્હોઃ એમ.વી. એકટની કલમ ૧૯૪(બી) મુજબ**

**:: ચુકાદો ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે સદરહું આરોપીએ ઇ–ચલન મેમા જણાવેલ તારીખે, સમચે અને સ્થળે એમ.વી. એકટની કલમ **૧૯૪(બી)** મુજબના ગુન્હાનો ભંગ કરેલ છે જે બદલ ઇ–ચલન મેમો અત્રેની કોર્ટ ખાતે રજુ કરેલ છે.

(૨) આજ રોજ આરોપી દંડ ભરવા આવેલ હોય . ગુન્હાની કબુલાત પુરશીસ આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે આરોપી ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓન ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે અને આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે .

(૩) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુન્હો અને તે ગુન્હામાં કરવામાં આવેલ સજાની જોગવાઇઓ, વગેરે પરિબળો ધ્યાને લેતાં આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**<u>હુકમ</u>**

આ કામના આરોપી નાઓને એમ.વી. એકટની કલમ **૧૯૪(બી)** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રુ.૫૦૦/– (અંકે રુપિયા પાંચસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ એક દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ કામના ફરીયાદી/ઓર્થોરીટીને હુકમ કરવામાં આવે છે કે સદરહું ઇ–મેમો કેસ પૂર્ણ થયેલ હોય તે અંગેની અસર તમારા સીસ્ટમમાં આપી તાત્કાલીક અસરથી સદરહુ ઇ–મેમો ઓનલાઇન સીસ્ટમમાંથી દુર કરવો.

આ હુકમ આજ તારીખ ૧૪ મી માહે: માર્ચ સને ૨૦૨૬ નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળઃ અમદાવાદ.

(સી.કે.રાઠોડ)
૧૧માં એડીશનલ સીની સિવિલ જજ
અને ચીફ જ્યુડી.મેજી.
અમદાવાદ (ગ્રામ્ય)